# બિનવારસી મૃતદેહ મળ્યો



## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

સત્ય-ન્યાય ખાતર બળિયા સાથે લડી બેઠા,
લાલઘૂમ આંખમાં કસ્તર થઈ નડી બેઠા !
બાખડી બેઠા મેદાને, આમ આદમી થઈને-
સૂકલકડી, છપ્પનની છાતી પર ચડી બેઠા !!

### હાઈકુ

કષ્ટ કારક !
હવે બેઠી પનોતી-
નાક ઉપર
(પાંચ વર્ષ-કેજરી સરકાર)

પંપાળ્યા કરે-
કોણ જાણે શું કામ ?!
ઝેરી સાપને ?!
(- ફરી શરીફને ફોન કર્યો !!)

### ચિંતન

ચલન્તિ ગિરયઃ કામં યુગાન્ત પવના હતાઃ।
કુચ્છ અપિ ન ચલત્યેવ ધીરાણાં નિશ્ચિલ મનઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય - ''ધીર પ્રસંશા''ના આ શ્લોકમાં ધૈર્ય અને ધીરજવાનનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે.

''પ્રલયકાળ જ્યારે પૃથ્વીનો સર્વાનાશ-વિનાશ થવાનો હોય ત્યારે જોરદાર પવનો અને સુનામી જેવાં સમુદ્રના મોજાં પૃથ્વી પર ધસી આવે છે. આવાં વાવાઝોડાંના જોરદાર પવનમાં કદાચ પર્વતો પણ હલી જાય - વિચલિત થઈ જાય - ડૂબી જાય એવું બની શકે પરંતુ ધીરજવાન જનોનાં અડગ મન ગમે તેવાં કષ્ટ-આપત્તિઓ-સમસ્યાઓનાં વાવાઝોડાં અને પ્રલયકારી પવનો જેવી આફતોમાં પણ ડગતાં નથી.

આજકાલ પાક નિષ્ફળ જાય કે ભાવ, મહેનત પ્રમાણે ન મળે તો પાક રસ્તા પર નાખી આત્મહત્યા કરે - જાતે જ ઉધાર લીધેલા પૈસાનું વ્યાજ ન ભરી શકે તો પણ આત્મહત્યા કરે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં - પ્રેમમાં નિષ્ફળતા મળે તો પણ પંખે લટકે - આ બધા દાખલા ધીરજ વિનાના, વિચારહીન - લોકોના છે. એમના તરફ અનુકંપા દર્શાવવા કરતાં એમાંથી ધૈર્ય કેળવવાની શક્તિ મેળવવાનો બોધ લેવો જોઈએ. હિંમત હારી જવા અને પીછેહઠ કરવી યોગ્ય નથી.

### સુવિચાર

- કોઈપણ દેશનું મુલ્યાંકન કરવા એ દેશનાં ત્રણ ક્ષેત્રો તપાસવા જરૂરી છે.. એક, તે દેશની સમૃદ્ધિ, અથવા ગરીબી, બે. શાસનની સુવ્યવસ્થા અથવા કુ વ્યવસ્થા.. અને ત્રણ, પ્રજાનું ચારિત્ર્ય. - સચ્ચિદાનંદ
- કર્મ કરવું કે ન કરવું, કયું કરવું અને કયું ન કરવું - એ બાબત અમે ઈશ્વરને સોંપી દીધી છે. તેથી અમારાં દુઃખોનો અંત આવ્યો છે. - એસ. ભટ્ટાચાર્ય
- આપણી નિષ્ફળતા માટે આપણે અન્ય કોઈને જ દોષી સમજીએ છીએ. ખરેખર તો વિફળતા માટે આપણું અશિસ્ત, અણસમજ, લાપરવાહી વગેરે આપણને દેખાતા જ નથી. - શાહબુદ્ધિન રાઠોડ
- હું કોણ છું એ જાતને પૂછ્યું તો પહેલા લાગ્યું શરીર છું, પછી લાગ્યું મન છું, પછી થયું શરીર પણ નથી મન પણ નથી. હું તો ધબકતો ચેતન છું પછી જે લાગ્યું જે શબ્દમાં મુકી શકાય તેવું નથી. - ઓશો
- સતત સમૃદ્ધ થતો રહે તે વૃધ્ધ.. વિચારની વૃદ્ધિ અને વિવેકની સમૃદ્ધિ. - ગુણવંત શાહ
- 'શાણપણ' એટલે વિવેક-મર્યાદા, કોઠાસૂઝ ને પાણી ચડાવેલું જ્ઞાન. - ચિત્રલેખા
- બીજાઓની નજરમાં તું સુખી છે તો તેનું નામ છે સફળતા. અને તારી જ પોતાની અનુભૂતિમાં તું સુખી છે એનું નામ છે સંતોષ. - જ્ઞાનસૂત્ર

- સંકલન : શ્રી દિપક વી. આસરા

### બોધ કથા

કોઈ પણ વસ્તુનું મૂલ્ય સાપેક્ષ હોય છે કોઈ દવા તમારા ઘરમાં નકામી પડી હોય જ્યારે એ જ દવા કોઈના જીવ માટે અમૂલ્ય હોઈ શકે, નાનો સ્ક્રુ - પાટીયું - બધામાં આવું જ છે. ભિક્ષુકને જે હીરો પથ્થર લાગે તે ઝવેરીની દૃષ્ટિએ અમૂલ્ય હોઈ શકે !

એક ચાઈનીઝ શિષ્યને પોતાના ઝેન ગુરૂ ને જ્ઞાન ચકાસવા ગમે તેવા પ્રશ્નો પૂછતો. ઘણીવાર તો અધ્યાત્મ અને આત્માને લગતા ન હોય તો પણ પૂછે. ગુરૂ એને ઓળખી ગયા હતા અને તેનાથી ત્રાસી પણ ગયા હતા - એક દિવસ એ શિષ્ય ગુરુજી પાસે આવ્યો, ગુરુજી કંઈક અગત્યનું લખાણ કરતા હતા - ત્યારે જ શિષ્ય આવીને પૂછ્યું - ગુરુજી ! આ વિશ્વમાં સૌથી મૂલ્યવાન - કિંમતી વસ્તુ કઈ ?

ગુરુજીના ભવાં ચઢી ગયાં પણ એ તો મહાત્મા હતા - પોતાના પર કાબૂ મેળવી ધીમેથી જવાબ આપ્યો ''બિલાડીનું માથું'' અને ફરી લખાણ શરૂ કર્યું.

હવે શિષ્ય મુંઝાયો - ફરી દીમેકથી પૂછ્યું - ગુરુજી મને કંઈ સમજાયું નહીં - 'બિલાડીનું માથું જ કેમ ?

ગુરુ કહે - ''જો ભાઈ દરેક વસ્તુની કિંમત ક્યારે, કોને કેવી રીતે ઉપયોગી થાય તેના પર આધારિત હોય એ જ ઉપયોગીતા એની કિંમત હોય છે.''

Email - sureshchandrabhatt18@gmail.com

# એકવીસમી સદીના ગુજરાતી ચરિત્રાત્મક સાહિત્યના આનંદયાત્રા

## શબ્દ સમીપે


- નટવર હેડાઉ

સાહિત્યનો મુખ્ય ઉદ્દેશ્ય આનંદ આપવાનો છે. ત્યારે તમારા જીવનના અમે ભાવકોને આનંદ આપનારા પ્રસંગો સાથે અન્યાય કેમ ? આ પ્રશ્ન જ્યારે લેખકના મનમાં ઉદ્ભવ્યો ત્યારે લેખે પોતાના જીવનમાં મોટાભાગે આનંદ આપનારા જે પ્રસંગો બનેલા તેને શબ્દરૂપ આપવાનું શરૂ કર્યું અને તેમના જીવનના એવા ઐતિસિક પ્રસંગો જે પુસ્તક રૂપે ભાવકોના હાથમાં આવ્યા તેનું નામ જ 'આનંદ યાત્રા'

હા, આજે મારે તમને એક એવા લેખકના પુસ્તકની વાત કરવી છે જેણે કોઈ એક જ ક્ષેત્રમાં, કોઈપણ સંસ્થાના પ્રત્યક્ષ સહાય વગર પોતાના આત્મબળે મેઘાણી જેવા આ ક્ષેત્રના ધૂરંધર ને પુરા વાંચ્યા-વિચાર્યા પહેલાં પોતાના આત્માની આશા માથે ચડાવી આત્મસુરક્ષા કામે લાગી ગયેલા અને કોઈ નસીબદાર ડુબકી મારનારની જેમ પ્રત્યેક ગોતામાં-ડુબકીમાં મહામુલાં મોતીઓ શોધી લાવેલા તેવા ભગવાનદાસ પટેલને ૨૦૦૯ થી સાહિત્ય અકાદમી અને દક્ષિણ ઉરિયાના સંયુક્ત ઉપક્રમે આરંભાયેલી પ્રથમ ટાગોર લિટરેચર એવોર્ડ તેમના પુસ્તક 'મારી લોકયાત્રા' ને મળેલો તે પછી જીવનના ઘણા-બધા આનંદદાયક પ્રસંગો જે પડ્યા હતા તેને ફરી એકવાર સંસ્મરણરૂપે આલેખી 'મારી આનંદયાત્રા' રૂપે મુકી આપ્યા છે.

'મારી આનંદયાત્રા' પુસ્તકમાં લેખકના ૭૦ વર્ષોના સમયખંડમાં બનેલા મહત્વના એવા ૮૯ પ્રસંગો-ઘટનાઓ આપણને ૬ પ્રકરણોમાં આલેખાયેલ જોવા મળે છે. ઉપરાંત ૩ પરિશિષ્ટો પણ છે જેમાં આ સમય દરમિયાન બનેલા મોટા ભાગના અપ્રગટ અને થોડાક આ પહેલાં લિખિતરૂપે પ્રગટ-જીવનના ખાસ પ્રસંગો છે. આ બધા પ્રસંગોનો આનંદ ગુજરાત, ભારત, યુરોપના મુખ્ય દેશો અને પૂર્વ એશિયાના દક્ષિણ કોરિયા સુધી વિસ્તાર્યો છે.

'મારી આનંદયાત્રા' મુખ્ય છ પ્રકરણોમાં આગળ વધે છે તેનાં શિર્ષકો સ્થળ કે પ્રદેશના નામોને કેન્દ્રમાં રાખીને મુક્યા છે. પ્રથમ પ્રકરણ 'વતન જામળા મધ્યે'માં પ્રથમ પ્રસંગ પાવન સ્મરણના આ પર્વેની શરૂ થઈ અમારૂ બાળ નાગદમન, હનુમાજીને સોટીનો માર, ડાહ્યાનું પપૈયું, માધ્યમિક શાળામાં અમારી પાંડવસભા, અમારુ ઈન્દ્રપ્રસ્થ, કિશોર મહાભારતનો સુખાન્ત, અમારા સૌનો ડાહ્યો, અમારી માધ્યમિક શાળાના શિક્ષકો, અમારા વડાઓની વહી, અમારો પૂર્વ પરિવાર, ઘર, ગામ જેમાં લેખકે જીવંત શબ્દચિત્રો રોજીંદી ઘટનાઓ દ્વારા પ્રગટ કર્યા છે, તેમાં આપણને દેવ દેવીઓની વાતો, સામાજિક પ્રસંગો, કેટલીક ગામની ઘટનાઓ, પ્રકૃતિ લોકજીવન, ઉત્સવો, સામાજિક પ્રસંગે વિગેરેના યથાર્થ ચિત્રો મળે છે. અહીં લેખતે પોતાના બાળપણ અને કિશોરાવસ્થા, તરૂણાવસ્થાના અનુભવોને આલેખ્યા છે.




બીજું પ્રકરણ 'તલોદ મધ્યે'માં આઠ પ્રસંગો લેવામાં આવ્યા છે. જેમાં ત્રણ વાનરા !, લલિતકળાનો સુવર્ણયુગ, લાલ ટોપીવાળો વહોરો, વેણ કાઢ્યું કે ના લટવું, વળતો ઘા રહેવરનો, જીવનપંથ ઉજાળ, ઘરસંસારનો ગંભીર પ્રશ્ન !, ભરોસાની ભેંશે પાડો જણ્યો ! અહીં લેખકના કોલેજકાળના સમયગાળાનો પરિચય મળે છે. તેમાં તે સમયની કોલેજ વાતાવરણનું જીવંત હળવી શૈલીમાં આલેખન લેખકે કર્યું છે. તેમાં તેઓ પ્રિન્સિપાલ, પ્રાધ્યાપક, સહપાઠીઓ સાથેનાં હળવાં સાહસોનો પરિચય આપે છે.

ત્રીજી પ્રકરણ 'ઈડર મધ્યે' શીર્ષકથી મુક્યું છે તેમાં આઠ જેટલા પ્રસંગો મળે છે. જેમાં 'રાઈટ મૉણસ'માં નિરાશ પતિને પત્ની તારાબેન આઠ-દસ અરજીઓ લખી આપી ત્યાંથી શરૂ થાય છે. તે પછી 'માથુ જોઈએ, જીવનભરનો જાગતો દસ્તાવેજ, ઉમીયામાં, માતૃત્વ, નર્મદાશંકર ત્રિવેદીસાહેબ, અનુસ્નાતકના મારા ગુરુ, અમારી ઈતિહાસ-યાત્રા જેવા પ્રસંગો માળે છે.

પ્રકરણ-ચાર, 'અમદાવાદ મધ્યે' માં ત્રણ જ પ્રસંગો છે. તેમાં લેખક નોકરીમાંથી છૂટા થઈ બી.એડ. કરતા એક વરસ અમદાવાદ રહેવા જાય છે. ત્યારનો સમયગાળો આલેખાયો છે. જેમાં લેખકે પ્રિન્સિપાલ ઘનશ્યામભાઈ ઓઝાના પ્રેમાળ વ્યક્તિત્વની ઝાંખી કરાવી છે. તો 'સ્નેહરશ્મિ'ના હિંડોળેમાં કવિ સ્નેહરશ્મિની મુલાકાત આલેખી છે. તો 'ઉમાશંકરના આંગણે'માં કવિ ઉમાશંકરને નિવાસસ્થાને શરૂઆતમાં પ્રતિકુળ અને પછી અનુકુળ અનુભવ થયો તેને હળવી શૈલીમાં રજૂ કર્યો છે. નોકરીના ઘડતરકાળ પછીના સમયના આ પ્રસંગો લેખકની અધ્યયન અંગેની સજ્જતા તરફ નિર્દેશ કરે છે.

પાંચમું પ્રકરણ 'ખેડબ્રહ્મા મધ્યે' શિર્ષકથી મુકવામાં આવ્યું છે. તેમાં ૪૯ જેટલા પ્રસંગો મુક્યા છે. એ જોતા આ સૌથી લાંબુ પ્રકરણ છે. જેમાં લેખકના જીવન સંઘર્ષના મોટા ભાગને તેમણે સમાવ્યો છે. જે 'શૈક્ષણિક પ્રશ્ન પુછ્યા વિનાનો ઈન્ટરવ્યુથી શરૂ થાય છે. પછી ખેડબ્રહ્માના આવાસની મારી પ્રથમ સવાર, મારા મિત્ર ગણપત પરમાર, ચંડાળ ચોકડી, મારો પ્રથમ પાઠ, સસ્તાઈનો જમાનો, ગોળમાં જીવતરનું જ્ઞાન, લાજી મરીએ, ઉમાશંકરના મેડે, નિંદારસ, અખો ભગત-રણછોડ ભગત, કરૂણ રકાસ, લાલચ બુરી બલા, ચૂંટણીનો ચક્રવ્યૂહ, ચિત્રવિચિત્રના મેળે, દેવભૂમિ હિમાલયના ઔષધી, જળ મૂક્યુ, પગલાં કહીં કા, અમારો ઉદયપુર પ્રવાસ, આચાર્ય બાલકૃષ્ણ જોશી - લલિતકળાઓનો ઓચ્છવ, મહામના આચાર્ય, પ્રોગ્રામ, શિક્ષકોનું સચિવાલય, મોહમયી મુંબઈ, પાલતુ કુત્તે, વાઘ સાથે મિત્રતા, સાક્ષાત શંકર ભગવાન, વૈજ્ઞાનિક ઉકેલ, સોડમાં નાગ, મર્યા પસી હઉ હરખાં, અમારી આધુનિક ખેતી, ખેડબ્રહ્માના ઈતિહાસનું અધુરું પાનુ, અમારું ઐતિહાસિક સંગ્રહાલય, ભેરવસાધના, સમયનું બોધિજ્ઞાન, અમારી ઉત્તર ભારતયાત્રા, સંતાનો સાથે સુખદ ક્ષણો, રે આઈ, બાનું ગળું, જોરુભાનો ભલામણપત્ર, લીલા મોરિયાનો પ્રથમ ટહુકો, ગુજરાતનો પ્રથમ આદિવાસી કલામહોત્સવ, હોનાના દાગીના આલી દે, ઘઉ ઉંબીમાં જ બળી ગયા, સરકારી યોજનાએ ડેમમાં જળસમાધિ લીધી, તમે ટહુક્યાં ને... અમારું ગાયત્રી મંદિરવાળુ ઘર, ભીલી રામાયણનું સત્વ.

પ્રકરણ-૬ 'પુનઃ અમદાવાદ મધ્યે' શીર્ષકથી મુક્યું છે. જેમાં આઠ પ્રસંગો રજુ થયા છે. અહીં લેખકે છેલ્લા બે-પાંચ વરસોની વાત કરી છે. જેમાં બાપાનું શ્રાદ્ધ, આ શહેરી સરીસૃપ, હેપી બર્થ ડે, મારો જન્મદિવસ, કાનુડાનું અવતરણ, મહર્ષ એટલે બહુમૂલ્યવાન, દેવોનાં દર્શન કરવા, ભગવાન નામે પુરાકથા મળે છે. જો કે આ પ્રકરણ લેખતે 'મારી લોકયાત્રા' નામના તેમના અગાઉના પુસ્તકમાંથી મુક્યું છે.

પ્રકરણ-૭માં છેલ્લે ત્રણ પરિશિષ્ટો મુકવામાં આવ્યા છે. જે લેખકની સ્મરણકથાને પૂરક છે. પ્રથમ પરિશિષ્ટ 'સાક્ષર-સ્નેહીઓ પ્રથમ દૃષ્ટિએ,' માં બાવીસી સાક્ષરે, અંગે નોંધ મળે છે. તો બીજુ પરિશિષ્ટ 'આદિવાસી મૌખિક સાહિત્યના પોંખણાં' વિશે છે. તેમાં તેમને મળેલા માન-સન્માન, ઈનામ અકરામની નોંધ તેમજ ટાગોર લિટરેચર એવોર્ડ નિમિત્તે દક્ષિણ કોરિયાની યાત્રામાં લેખકે ત્યાંના પ્રદેશ અને લોકો વિશે પ્રકાશ પાડ્યો છે. ત્રીજા પરિશિષ્ટમાં હસુયાજ્ઞિકે લખેલ 'ભગવાનદાસ પટેલ : જીવન અને કાર્ય'નો ટુંકો આલેખ મુકાયો છે. જેમાં ભગવાનદાસના જીવન અને આદિવાસી સાહિત્ય સંશોધનનો પરિચય કરાવ્યો છે.

'મારી આનંદયાત્રા'માં તમામ પ્રસંગો તેની સહજતા અને હળવાશને કારણે વાચકના ચિત્તને સ્પર્શી જાય તેવા છે. લેખકે આ પ્રસંગોને બૌદ્ધિક છતાં માર્મિક હાસ્ય રસમાં ઝબોળીને એવી સુંદર રીતે મુકી આપ્યા છે કે જેથી જીવન તરફનો તેમનો હકારાત્મક અભિગમ સહજ રીતે વાચક હૃદયને સ્પર્શી જાય છે.

'મારી આનંદયાત્રા' પુસ્તક લેખકે ઉત્તર ગુજરાતના ગીત-સંગીત નૃત્યમય અરવલ્લીને આદિ ધરતીને અર્પણ કર્યું છે. છેલ્લે લેખક-સંશોધક-ભગવાનદાસ પટેલનાં પુસ્તકોની યાદી પણ મળે છે. જેમાં તેમના છ જેટલા મૌલિક ગ્રંથો તેમજ લોક સાહિત્ય લોકવિદ્યા-લોક સંસ્કૃતિના લિખિત-સંશોધન-સંપાદન-વિવેચનના મળી ૫૦ જેટલા ગ્રંથોની યાદી આપવામાં આવેલી છે.

● અનુસંધાન પાન-૬ પર

# ઈમામ સાહેબની પુત્રી અમીનાનાં લગ્નની કંકોતરી ગાંધીજીએ પોતાના નામથી નિમંત્રિતોને પાઠવેલી

## હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

આપણે ગાંધીજીના ખોળામાં રમેલા એક જ મહાનુભાવથી વિશેષ પરિચિત છીએ. ગાંધીજીના અંતેવાસી અને અંગત સચિવ મહાદેવભાઈ દેસાનીના પુત્ર અને 'ગાંધીકથા'ને લીધે વિશ્વ વિખ્યાત નારાયણભાઈ દેસાઈને બાપુના ખોળામાં રમવાનો લહાવો સાંપડેલો એવો જ લહાવો અમદાવાદ નિવાસી પ્રબુદ્ધ ગાંધીજન અને વરિષ્ઠ ધારાશાસ્ત્રી હમીદભાઈ કુરેશીને પણ સાંપડ્યો હતો. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ જસ્ટિસ આકિલ કુરેશીના નામથી ગુજરાત સુપરિચિત છે પરંતુ એમના વયોવૃદ્ધ પિતાશ્રી અને ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીના પરમ મિત્ર હમીદ કુરેશીનો નવી પેઢીને બહુ ઓછો પરિચય છે.

શ્રી હમીદભાઈ કુરેશીએ એમના પરિવારના જાજરમાન ઈતિહાસ અને પરંપરાઓ વિશેની એક નોંધ ડો. કેશુભાઈ દેસાઈના આગ્રહથી સ્વહસ્તે લખી મોકલાવી છે. આજના યુગની સૌથી તાતી જરૂરિયાત છે કુટુંબભાવના. હમીદ કુરેશીનો પરિવાર 'વસુધૈવ કુટુમ્બકમ્'ના ભારતીય આદર્શનો બેનમૂન દાખલો છે.

'ગાંધીનગર ચમાચાર'ના પ્રબુદ્ધ વાચકોને આ લેખ ગમશે એટલું જ નહીં, એમાંથી પ્રસરતો સંદેશ આપણને જીવનની ઉચ્ચતર દિશા ચીંધશે, એવી અપેક્ષા અસ્થાને નથી.

- અયના

૧. ઓગણીસમી સદીના અંત ભાગમાં મુંબઈની જુમ્મા મસ્જિદના આરબ બાવઝીર ખાનદાનના પેશ ઈમામ (મુખ્ય ધર્માચાર્ય)ના પુત્ર અબ્દુલ કાદર ચૌદ વર્ષની કાચી ઉંમરે સ્વતંત્ર રીતે પોતાના પગ ઉપર ઉભા રહેવાના દૃઢ સંકલ્પ સાથે મુંબઈના ભર્યાભાદર્યા ઘેરથી છાનામાના નીકળી આફ્રિકા જતી ખાનગી બોટમાં મજૂરી કરતા દક્ષિણ આફ્રિકામાં જહોનિસબર્ગ પહોંચ્યા. નાનાંમોટાં કામો કરતા સ્થિર થયા. ધીકતો ધંધો જમાવ્યો. માલેતુજાર બન્યા. ત્યાં અબ્દુલ કાદર બાવઝીરે ડચ મુસ્લિમ મહિલા સાથે નિકાહથી લગ્ન કર્યા. તેમનાં પત્ની આ ડચ મહિલા મક્કા હજ પઢી આવ્યા પછી કુટુંબ અને મિત્ર વર્તુળમાં હાજી સાહેબા તરીકે સંબોધાતા.

૨. અબ્દુલ કાદર બાવઝીર આફ્રિકા પહોંચ્યા તે અરસામાં ત્યાં બેરિસ્ટર એમ.કે. ગાંધી વકીલાત કરતા હતા. તેઓ ગાંધીભાઈ તરીકે ઓળખાતા. કોર્ટ-કચેરીના કામકાજના સંદર્ભમાં અબ્દુલ કાદર ગાંધીભાઈના સંપર્કમાં આવ્યા. ગાંધીભાઈના દક્ષિણ આફ્રિકામાં રહેતા મૂળ ભારતીયો પ્રત્યેની લાગણી, ભાવના અને તેને માટેની સક્રિય કામગીરીથી પ્રભાવિત થયા. ધીકતો ધંધો સમેટી, ફકીરી વહોરી ગાંધીભાઈએ સ્થાપેલા ફિનિક્સ આશ્રમમાં અંતેવાસી તરીકે જોડાયા. ત્યાં તેમને ગાંધીજીએ 'ઈમામ સાહેબ'ના હુલામણા નામેથી સંબોધવાનું શરૂ કરતાં તે જ નામથી જાણીતા થયા.

૩. ગાંધીજી દક્ષિણ આફ્રિકા છોડી ભારત આવવાના હતા તે નિમિત્તે યોજાયેલા વિદાય સમારંભમાં ગાંધીજીએ જાહેરમાં ઈમામ સાહેબને પોતાનાસહોદર તરીકે ઓળખાવેલા. (પ્રસ્તુત પ્રસંગ અંગેના લેખની નકલ સામેલ છે પરિશિષ્ટ-૧)

૪. ગાંધીજી ઈ.સ. ૧૯૧૫માં ભારત આવ્યા. ઈમામ સાહેબ પણ પાછળ પાછળ સહકુટુંબ પત્ની હાજીસાહેબા અને દીકરીઓ અમીના અને ફાતિમા સાથે ભારત આવ્યા. અમદાવાદમાં ગાંધીજીએ સાબરમતી નદીના કિનારે સાબરમતી આશ્રમની સ્થાપના કરી. તેમાં ઈમામ સાહેબે પોતાનું મકાન, જે પાછળથી 'ઈમામ મંઝિર' તરીકે ઓળખાયું, તે બાંધ્યુ. આશ્રમવાસી બન્યા. જીવનપર્યંત 'ઈમામ મંઝિર'માં રહ્યા.

૫. ઈમામ સાહેબની પુત્રી અમીનાનાં લગ્નની કંકોતરી ગાંધીજીએ પોતાના નામથી નિમંત્રિતોને પાઠવેલી. (નકલ સામેલ છે પરિશિષ્ટ-૨) અમીનાનાં આ લગ્ન અમદાવાદ જિલ્લાના ગામ ધંધુકાના નિવાસી મૂળ નવાબી મોગલ ખાનદાનના ફરજંદ ગુલામ રસૂલ કુરેશી સાથે સાબરમતી આશ્રમમાં તા. ૩૧મે, ૧૯૨૪ના રોજ ગાંધીજીએ કરાવ્યાં.

૬. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ ઈમામ સાહેબને સહોદર તરીકે ઓળખાવેલા. અમીનાબહેનની કંકોતરીમાં 'મોટા ભાઈ સમાન ભાઈબંધ' કહ્યા.

૭. ગાંધીજીએ અમદાવાદમાં સાબરમતી આશ્રમની મિલકત અંગે ટ્રસ્ટ બનાવ્યું. તેમાં ઈમામ સાહેબ પ્રથમ ટ્રસ્ટીઓમાંના એક. તેના ૯૦ વર્ષ પછી આજે ઈમામ સાહેબના દૌહિત્ર હમીદ કુરેશી 'સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ'ના પ્રમુખ ટ્રસ્ટી છે.

૮. ઈમામ સાહેબની પુત્રી અમીના કુરેશીનાં સંતાનો પૈકી બે પુત્રો : અબ્દુલ હમીદ અને અબ્દુલ વહીદ, જેઓ હમીદ કુરેશી અને વહીદ કુરેશી તરીકે જાણીતા છે.

૯. હમીદ કુરેશીનાં લગ્ન આશ્રમનિવાસી સ્વ. હરજીવનદાસ કોટક અને શારદાબહેન કોટકની દીકરી પ્રતિમા સાથે થયેલાં. તેમનાં સંતાનો પાંચ : બે દીકરીઓ - શમીમ, યાસ્મિન. ત્રણ દીકરાઓ - આબીદ, મુનિર, આકિલ. મોટી દીકરી શમીમનાં લગ્ન થયાં ખ્રિસ્તી ઈટાલિયન મૂળના અમેરિકન નાગરિક સાથે. નાની દીકરી યાસ્મિન પરણી ખ્રિસ્તી જર્મન મૂળના અમેરિકનને. મોટા પુત્ર આબીદનાં લગ્ન થયાં. સ્વિસ મૂળની ખ્રિસ્તી અમેરિકન યુવતી એલન સાથે.

૧૦. હમીદ-પ્રતિમા કુરેશીના ત્રણ પુત્રોમાંથી મુનિરનાં લગ્ન થયાં કુ. દીપ્તિ કાંટાવાલા સાથે. અને સૌથી નાના પુત્ર આકિલનાં લગ્ન થયાં નાગર કન્યા કુ. સોનલ દેસાઈ સાથે.

૧૧. હમીદ કુરેશીના ભાઈ વહીદ કુરેશીના એક માત્ર દીકરા નાસિર કુરેશીનાં લગ્ન થયાં કુ. હેમાંગિની ચોકસી સાથે.

૧૨. પરંતુ લગ્નોનો આ સિલસિલો એકતરફી નથી. ઈમામ સાહેબના દૌહિત્ર વહીદ કુરેશીની ચાર દીકરીઓ : નસીમ, સોફિયા, રૂઆબ અને શિરીન. નસીમનાં લગ્ન થયા છે, એડવોકેટ ભરત નાયક સાથે, મીનાનાં અતુલ ભાવસાર સાથે, રૂઆબનાં લગ્ન દક્ષિણ ભારતના યુવાન ચંદર શર્મા સાથે અને શિરીનનાં લગ્ન મધ્ય ગુજરાતના રાજકીય ક્ષેત્રે ખાસ જાણીતા સામાજિક કાર્યકર શ્રી હરિહર ખંભોળજાના પુત્ર અપૂર્વ સાથે.

૧૩. જોગાનુજોગ સર્જાએલી વિસ્મયકારક સ્થિતિ હર્ષ, ઉલ્લાસ ઉંમગ સાથે અન્ય પરિવારોની ચાર સુકન્યાઓ કુરેશી કુટુંબમાં આવી હળી, મળી ભળી ગઈ. જ્યારે બીજી તરફ કુરેશી કુટુંબની ચાર સુકન્યાઓ હોંશભેર અન્ય પરિવારોમાં હળી, મળી ભળી ગઈ છે. નિયતિની અજબ ગોઠવણ !

(ક્રમશઃ)


# ''વિદ્યાર્થીઓને ઈસરોનું પ્રદર્શન ન દેખાડનારા અમેરીકાનું નાસા દેખાડશે !

## ચર્ચાસભા

ડો. અનિલ પટેલ

શિક્ષણ જગત સાથે સંકળાયેલા અને જાણીતી કોલેજના એક પ્રોફેસર જેઓ મારા મિત્ર છે તેમનો ફોન આવ્યો... મને કહ્યું... મારો ૧૦ વર્ષનો પુત્ર અમેરીકાની નાસા સંસ્થા જોવાની હઠ લઈને બેઠો છે... જરા તેને સમજાવો..

વાત એમ છે કે આજ કાલ શાળાઓમાં સ્પર્ધા ચાલે છે.. કે અમો તમારા કરતાં સવાયા... માર્કેટીંગના અનેક નુસખાઓ અજમાવ્યા પછી... આજ કાલ વિદ્યાર્થીઓને નાસા-અમેરીકાની સ્પેશ સંશોધન કરતી મહત્વની સંસ્થાની મુલાકાતે લઈ જવાની ઘેલછા લાગી છે. આવી મુલાકાતો ગોઠવવા પાછળના કારણો વિદ્યાર્થીઓ સ્પેસ સાયન્સ વિષે કેટલું જાણી આવ્યા તે મહત્વનું નથી.. પરંતુ ચોક્કસ શાળાની જાહેરાતના પરિચય પત્રિકામાં નાસાનો ઉલ્લેખ કરીને વિદ્યાર્થીઓ અને વાલીઓને આકર્ષવાનો ગર્ભિત હેતુ અવશ્ય સમાયેલો હોય છે.. ગાંધીનગરની જાણીતી એક શાળા વિદ્યાર્થીઓને નાસા લઈ જવામાં આવશે તેવી જાહેરાત શાળામાં કરી.. પછી પુછ્યું જ પુછવું શું ..! આજ કાલના બાળકોમાં પણ આંતરીક સ્પર્ધાઓ ચાલતી હોય છે. તે સહજ પ્રાકૃતિક પ્રક્રિયા છે. હોળીના દિવસો... પિચકારી માટે.. દિવાળીમાં... ફટાકડા માટે... ઉત્તરાયણમાં પતંગ માટે.. જેમ જીદ પકડે એમ બાળકો પણ તેમની ના સમજ માનસીકતાનો દેખાવ હઠાગ્રહથી કરે.. અને એમાં બિચારો વાલી પિસાય.



સવાલ.. અહીં એ ઉભો થાય છે. કે પોતાના બાળકને નાટક જોવા મોકલવો.. કે.. ન મોકલવો..! પરંતુ એક બાળકે પોતાના પિતાને કરેલા કેટલાક સવાલો ચોંકાવનારા છે. અને તેની બાળમાનસ પર કેવી અસરો ઉભી થઈ શકે તે મારા કરતાં કોઈ મનોવૈજ્ઞાનિક કે સાઈકીટીક ડોક્ટર સારી રીતે સમજાવી શકે. આ બાળકે સહજ ભાવે યા તેની નાસા જવાની મહેચ્છાએ પિતાને કરેલા કેટલાક સવાલો આ પ્રમાણે હતા...

- મારા...ઘણા મિત્રો જાય છે ! હું કેમ નહીં..!
- તને તો સ્પેશમાં રસ છે ? તારે તો જવું જ જોઈએ..! એવું ટીચર કહે છે.
- મારા ફ્રેન્ડની પાસે પાસપોર્ટ નથી.. છતાં તેના પપ્પા તેનો પાસપોર્ટ કઢાવીને મોકલવાના છે.
- મારે તો પાસપોર્ટ છે... તો તમને શું વાંધો છે..?
- મને જો આ રીતે ન મોકલવાના હો.. તો પછી મારો પાસપોર્ટ કઢાવ્યો શું કામ..?
- આપણી પાસે તો ખુબ પૈસા છે... તો પછી મને કેમ નથી મોકલતા..?

આવા અનેક સવાલો... આ બાળકે તેના પિતાને કર્યા..! આ બાળકને કઈ રીતે સમજાવવો એ એક પિતાને અઘરૂ પડ્યું.. સાથે સાથે મને પણ અઘરૂ લાગ્યું... આવી સ્થિતિ અનેક વાલીઓની બની હશે. એવું હું ચોક્કસ માનુ છું. નાસાના પ્રવાસમાં જનાર વિદ્યાર્થીએ બે થી ત્રણ લાખ રૂપિયા જેવી મોટી રકમ ચૂકવવી પડતી હોય છે. ત્યારે સ્વાભાવિક બધાજ વાલીઓ સંમત ન થાય... આવી ક્ષણે પોતાના મિત્રની સાથે સહજ સ્પર્ધામાં ઉતરેલા બાળકને કઈ રીતે મનોવૈજ્ઞાનિક રીતે સાચી વાતની સમજ આપવી તેવું બધાજ મા-બાપ ન કરી શકે... જેના પરિણામે ક્યારેક બાળક ગુસ્સાનો...કે... ધોલ-ધપાટ ખાવાનો શિકાર બની શકે. આવી પરિસ્થિતિ.. એ બાળક માટે અસહનીય બની જતી હોય છે.. આ પ્રકારના કાર્યક્રમોના આયોજના પાછળનો શુદ્ધ હેતુ સ્વયં સ્પષ્ટ હોવો જોઈએ. યક્ષપ્રશ્ન એ છે કે શા માટે નાશાની મુલાકાતે વિદ્યાર્થીઓને લઈ જઈએ છીએ ? તો... આયોજકો પાસે તેનો જવાબ તૈયાર જ હશે.. વિદ્યાર્થીઓ વિજ્ઞાનને સમજે. તેમનામાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે.. વિદ્યાર્થીઓ અવકાશ વિજ્ઞાન વિષે જાણકારી મેળવે... મિત્રો નાસાની મુલાકાત લેવી એ સારી બાબત છે.. અને એક વિજ્ઞાનની વ્યક્તિ તરીકે હું ચોક્કસ સમર્થન કરીશ... પરંતુ તે પહેલાં વિદ્યાર્થીઓમાં નાસાના પ્રદર્શનને સમજવાની ક્ષમતા વિદ્યાર્થીઓમાં ઉભી કરવી પડે.. તે માટે વિદ્યાર્થીઓમાં કૂતહલવૃત્તિ.. જાતે પ્રયોગ કરવાની ક્ષમતા.. વિજ્ઞાન માટેની રસરૂચિ પેદા કરવી પડે અને આ પ્રક્રિયા ખૂબ લાંબી પ્રક્રિયા છે.. માત્ર એક જ મુલાકાતમાં વિદ્યાર્થી બધુ સમજી લેશે

● અનુસંધાન પાન-૬ પર